ક્રમાંક:મઉમશબ/શા.નિ./16364
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૦૪/૧૧/૨૦૨૦

પ્રતિ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
તમામ,
ગુજરાત રાજય.

વિષય :- જિલ્લામાં આવેલી માધ્યમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફાયર સેફ્ટી NOC મેળવવા બાબત.

સંદર્ભ :- (૧) શિક્ષણ વિભાગના પત્રક્રમાંક:-પરચ-૧૨૨૦૨૦-૪૮૫-વ.૨ તા.૨૭/૧૦/૨૦૨૦ અને તા.૦૩/૧૧/૨૦૨૦

(૨) અત્રેની કચેરીના પત્રક્રમાંક:મઉમશબ/શાનિ/૧૬૨૨૯ તા.૨૮/૧૦/૨૦૨૦

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભદર્શિત પત્ર-૧ થી શિક્ષણ વિભાગ દ્વારા રાજયમાં આવેલી માધ્યમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફાયર સેફ્ટી NOC ની વિગતો માંગેલ હતી. સંદર્ભદર્શિત પત્ર-૨ થી અત્રેની કચેરી દ્વારા જિલ્લામાં આવેલી શાળાઓમાં ફાયર સુવિધાનું NOC ઉપલબ્ધ છે કે નહી તેની વિગતો માંગેલ હતી. ઉક્ત વિગતો ધ્યાને લેતાં જે શાળાઓમાં ફાયર સેફ્ટીનું NOC મેળવેલ નથી તેવી શાળાઓના સંચાલક મંડળ દ્વારા તાત્કાલિક ફાયર સેફ્ટીનું NOC મેળવવાની પ્રકિયા હાથ ધરવા આપની કક્ષાએથી લેખિત સુચનાઓ આપશો.

વધુમાં, જણાવવાનું કે, જે શાળાઓએ ફાયર સેફ્ટીના NOC મેળવેલા છે તેવી શાળાઓ ફાયર સેફ્ટીની NOC ની મુદત પૂર્ણ થાય તે પહેલા ફાયર સેફ્ટીનું NOC રીન્યુઅલ કરાવવાની કાર્યવાહી થાય તે બાબતે પણ લાગતી વળગતી શાળાઓને જાણ કરશો. જે શાળાઓ દ્વારા ફાયર સેફ્ટીના NOC મેળવવાની પ્રકિયા હાથ ધરેલ છે. તેવી શાળાઓને ફાયર સેફ્ટીના NOC ઝડપથી મળી રહે તે માટે તેમજ જે શાળાઓએ ફાયર સેફ્ટીના NOC મેળવેલ નથી તેવી શાળાઓ માટે ફાયર સેફ્ટીના NOC મેળવવાની પ્રકિયા ઝડપથી હાથ ધરાય તે માટે જે તે શાળાને લાગુ પડતા ફાયર સેફ્ટી NOC ઈસ્યુ કરનાર સક્ષમ સત્તાધિકારીશ્રીની કચેરી સાથે સંકલન કરી ઝડપથી સમગ્ર પ્રકિયા પૂર્ણ થાય તેવી વ્યવસ્થા જિલ્લા કક્ષાએ સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે.

(ડી. એસ. પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

બિડાણ :-
- જિલ્લાવાર ફાયર સેફ્ટી NOC ની વિગત દર્શાવતું પત્રક-અ

જા.નં/મા-7/ફાયર સેફ્ટી/11340 તા.04/11/2020.

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત શહેરની તમામ શાળાઓ (સ્વ-નિર્ભર, ગ્રાન્ટેડ અને સરકારી મા.અને ઉ.મા શાળાઓ)
જિ-સુરત.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લો, સુરત.

નકલ: શિ.નિ /મ.શિ.નિ —ઝોન ૨ં. મદદનીશ શિક્ષણાધિકારી ... જાણ સારુ

Scanned with CamScanner